श्री सर्वोत्तम



सान्निध्यमात्रदत्तश्रीकृष्णप्रेमणे नमः

॥ ४३ ॥

"सान्निध्यमात्रदत्त श्रीकृष्णप्रेमा"

શ્રીઆચાર્યજી આપશ્રીની સમિપતા માત્રથી શ્રીકૃષ્ણના પ્રેમનું દાન કરે છે.

ચરિત્ર-સંગતિ

આપશ્રીનું બાહ્યાંભ્યાંતર સ્વરૂપ એકરસભાવ પરિપૂર્ણ છે, તેની ઓળખ તો એ છે કે, આપશ્રીની સમિપે જે કોઈ જીવ આવે તેને આવા ઉચ્ચરસની પ્રાપ્તિ કરાવો છો.

શ્વાતિ બૂંદજબ પરત હે જાહિમેં
તાહિમેં હોત તેસોજુ બાનો.

આ ન્યાયે જીવનમાં જેને જે વ્યક્તિનો સંગ હોય તે વ્યક્તિનો પ્રભાવ તેના પર પડે છે અને તેવો ભાવ પ્રાપ્ત થાય છે.

અત્રે શ્રીઆચાર્યજીના સાનિધ્ય માત્રથી ભક્તોનો શ્રીકૃષ્ણમાં પ્રેમલક્ષણાભક્તિ ભાવ જાગૃત થાય છે તે આપશ્રીનું રાસસ્ત્રીભાવ પરિપૂર્ણ શ્રીઅંગ છે તે સિદ્ધ કરી બતાવે છે.

બે તપસ્વીઓ અનેક જન્મોથી બદરિકાશ્રમમાં તપ કરતા હતા. જ્યાં શ્રીઆચાર્યજી બદ્રિકાશ્રમ પધાર્યા ત્યારે આ તપસ્વીઓને આપશ્રીના દર્શન થયાં. આપશ્રીની કૃપાથી આ બન્ને તપસ્વીઓ વ્રજમાં આન્યોર ગામમાં જન્મ્યા અને જ્યારે તેઓ પાંચ વર્ષની વયના થયા ત્યારે શ્રીઆચાર્યજીનાં આન્યોરમાં દર્શન કરતા માત્રમાંજ તેઓને શ્રીકૃષ્ણમાં પ્રેમ ઉત્પન્ન થયો. અને લીલાપ્રાપ્તિનો મનોરથ જાગૃત થયો. આપશ્રીએ આ બન્ને બાળકોને શરણે લઈ તત્કાલ લીલા પ્રાપ્તિ કરાવી. અને તેઓ લીલામાં ભ્રમર રૂપને પ્રાપ્ત થયા.

આ નામ **"શ્રી-ધર્મ"** સૂચક છે .

ચિત્ર-પરિચય

ઉપર : બદ્રિકાશ્રમમાં બન્ને તપસ્વીઓ તપ કરે છે.

નીચે : શ્રીઆચાર્યજી આ બન્ને તપસ્વીઓને આન્યોરમાં બાળ રૂપમાં શરણે લે છે.

નામ-સંગતિ

આવા પ્રકારનો શ્રીકૃષ્ણપ્રેમ દાન કરવામાં આપશ્રીનું શું પ્રયોજન છે ? તે સમજાવવા **"વિમુક્તિદઃ"** નામ કહે છે.

विमुक्तिदः

શ્રીઆચાયજી પોતાના સેવકોને વિશેષ પ્રકારની મુક્તિ આપે છે.

અર્થ-ચરિત્ર-સંગતિ

શ્રીઆચાર્યજી દ્વારા પ્રગટિત પુષ્ટિમાર્ગમાં મુક્તિનું સ્વરૂપ આપશ્રીએ શિક્ષાશ્લોકમાં **"मुक्ति हित्वान्यथारूपं स्वरूपेण व्यवस्थितिः"** આ પ્રમાણે વર્ણવ્યું છે.

પુરૂષોત્તમ સહસ્ત્રનામમાં **शास्त्रानपेक्ष कामैक मुक्तिद्वार विबर्धनः**

અને પરમાનંદદાસ કહે છે **"કોનરસ ગોપીન લીનો ઘૂટ, મદનગોપાળ નિકટ કર રાખે પ્રેમ કામકી લૂટ "**

આ રીતની કૃષ્ણની આનંદમયી નિત્યલીલામાં પ્રવેશ એ જ મુક્તિ છે.

શ્રી આચાર્યજી પોતાના સાનિધ્ય માત્રથી શરણાગત જીવોને શ્રીકૃષ્ણની સેવાદ્વારા શ્રીકૃષ્ણની નિત્યલીલામાં પ્રવેશ કરાવે છે. આ પુષ્ટિમાર્ગને મહાન્ ઉત્કર્ષ છે.

આગરાના જીયદાસસૂરી ક્ષત્રિય વૈષ્ણવને શ્રીઆચાર્યજીએ શરણે લઈ શ્રી લાડલેશજીની ભગવત્સેવા પધરાવી આપી. જીયદાસ તનુજા વિત્તજા અને માનસીમાં નિમગ્ન થઈ ફક્ત ચાર પ્રહરજ સેવા કરી અને અનોસર પછી ભગવદ્ વિરહ થવાથી દેહત્યાગ કરી નિત્યલીલામાં પ્રાપ્ત થયા.

આ રીતે શ્રીઆચર્યજી પોતાના સેવકોને શ્રીકૃષ્ણપ્રેમનું દાન કરી વિમુક્તિ એટલે દૈહિક પ્રાપંચિક-દેહથી જીવને મુક્ત કરી અલૌકિક નૂતન આત્મીયદેહ પ્રદાન કરી નિત્યલીલાની પ્રાપ્તિ કરાવે છે. અથવા તો જ્ઞાનમાર્ગીઓને પ્રાપ્ત થતી ચતુર્થ પુરૂષાર્થવાળી અક્ષરબ્રહ્મની મુક્તિથી વિમુક્ત કરી નિત્યલીલાની પ્રાપ્તિ કરાવે છે.

આ નામ **'જ્ઞાન-ધર્મ'** - સૂચક છે.

ચિત્ર-પરિચય

શ્રીઆચાર્યજી જીયદાસસૂરીને શરણે લઈ શ્રીલાડિલેશજીની ભગવદ્ સેવા પધરાવી આપે છે.

નામ-સંગતિ

આ રીતે નીજજનોને નિત્યલીલામાં પ્રાપ્ત કરાવવા માટે આપનો કયો હેતુ છે ? તે જણાવવા **"रासलीलैकतात्पर्य"** નામ કહે છે.

श्री सर्वोत्तम



विमुक्तिदाय नमः

श्री सर्वोत्तम

रासलीलैकतात्पर्याय नमः

રાસલીલૈકતાત્પર્ય

શ્રીઆચાર્યજી એક માત્ર રાસલીલામાંજ નિત્ય પરાયણ છે.

અર્થ-ચરિત્ર-સંગતિ

શ્રીઆચાર્યજીના સિદ્ધાંતે સમસ્ત શ્રુતિ, શાસ્ત્ર આદિમાં જે કંઈ ઉત્તમ ફળો બતાવવામાં આવ્યા છે, તે સર્વફળોમાં ઉત્તમોત્તમ સર્વોત્તમ ફળ શ્રીકૃષ્ણની રાસલીલા છે. એટલા માટે શ્રીઆચાર્યજી શ્રીભાગવતમાંના રાસપંચાધ્યાયી વાળા અધ્યાયોને "ફલ પ્રકરણ" કહી નિરૂપણ કરે છે. દશ ઈન્દ્રિય અને અગીયારમાં મનથી ભગવાનના સ્વરૂપાનંદનો ઉપભોગ થાય એજ ઈન્દ્રિયધારીઓનું સર્વોત્કૃષ્ટ ફળ છે. આના અતિરિક્ત બીજું કોઈ ફળ નથી. અને આ ફળ રાસલીલામાંજ પ્રાપ્ત થઈ શકે છે. શ્રીગોપીજનોએ વેણુગીતમાં આ પરમ ફળનું **अक्षणवतां फलमिदं न परं विदामः** કહીને વર્ણન કર્યું છે.

શ્રીઆચાર્યજી શ્રીસુબોધિનીજીમાં **अक्षण्वतामिन्द्रियवतां चक्षुष्मतां वा** કહી વર્ણવે છે. કારિકામાં વિશેષ ઉલ્લેખ નીચે પ્રમાણે કરે છે.

भगवता सह संलापो दर्शनं मिलितस्य च ॥३॥
आश्लेपः सेवनं चापि स्पर्शश्चापि तथाविधः ।
अधरामृतपानं च भोगो रोमोद्गमस्तथा ॥४॥
तत्कूजितानां श्रवणमान्ध्राणं चापि सर्वतः ।
तदन्तिकगतिर्नित्यमेणं तदभावनं सदा ॥५॥
इदमेवेन्द्रियवतां फलं मोक्षोपि नान्यथा ।

(શ્રી વિષ્ણુગીતમ)

અને તેથી દેહધારીઓને રાસલીલાંજ પરમફળરૂપ હોવાથી આ મહાન દાન આપશ્રી વિમુક્તિપુષ્ટિમુક્તિમાં આપે છે.

શ્રીઆચાર્યજીએ ચંદ્ર સરોવર ઉપર પોતાના સેવકોની પ્રાર્થનાથી આ દેહેજ તેઓને રાસલીલાનાં દર્શન કરાવી પુષ્ટિમુકિતના સુખનો અનુભવ કરાવ્યો હતો.

આ નામ **"वैराग्य-धर्म"** સૂચક છે.

ચિત્ર-પરિચય

શ્રીઆચાર્યજી પોતાનાન સેવકોને ચંદ્રસરોવર ઉપર રાસલીલાના દર્શન કરાવે છે.

નામ-સંગતિ

શ્રીઆચાર્યજી રાસલીલાને જ સર્વોત્તમ ફળ માને છે તે કેવી રીતે જાણ્યું જાય ? તે સમજાવવા **"कृपयैतत्कथाप्रदः"** નામ વર્ણવે છે.